વિશા દીશાવાળ વિવિધ વાંચનમાળા

ગ્રંથ નંબર ૩

કમળા.

(કન્યાવિક્રય કરનાર પિતાના હાથમાંથી બચાવ પામેલી દીકરીનું રસમય વૃત્તાંત)

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

તુલજારામ જમનાદાસ શાહ

અને

શકરાભાઈ ભુલાભાઈ ગાંધી

સેક્રેટરીઓ વિશાદીશાવાળ પુસ્તક પ્રસારક કમીટી મુંબઈ નંબર ૧

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીમત રૂ. ૦-૪-૦

विशादीशावाळ विविध वांचनमाळा ग्रंथ नंबर ३.

કમળા.

(કન્યા વિક્રય કરનાર પિતાના હાથમાંથી બચવા પામેલી બાળાની રસમય વાર્ત્તા.)

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,
તુલજારામ જમનાદાસ શાહ
અને
શકરાભાઇ ભુલાભાઇ ગાંધી,
સેક્રેટરીઝ, વિશાદીશાવાળ પુસ્તક પ્રસારક કમીટી,
મુંબાઇ, નંબર ૪.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કીંમત રૂ. ૦-૪-૦.

અમદાવાદ:—પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્ક્સમાં ઠાકોરલાલ
પરમોદરાય ઠાકોરે છાપી.

પ્રસ્તાવના.

આવા નાના ગ્રંથોને પ્રસ્તાવનાની જરૂર હોતી નથી તોપણ લેખકોની હાલની ચાલતી આવતી પદ્ધતિને અનુસરીને જનસમાજ સન્મુખ આ ગ્રંથ રજુ કરતા પૂર્વે બે બોલ નિવેદન કરવા યોગ્ય ધાર્યું.

હાલના સમયમાં કેટલીક નવલકથાઓ કપોલ કલ્પિત હોય છે ને કેટલીક વીનક વાતોથી ભરપુર હોય છે. આ કથા પણ કપોલ કલ્પિત જ છે.

કન્યા વિક્રય જેવા બુરા રિવાજ ને વધતો જતો દેખી તેને અટકાવવા સજ્જન પુરૂષોએ પ્રયત્નો કરવા જોઇએ કારણ કે કંઈ પણ ખોટું કૃત્ય વધના પહેલાં તેને અટકાવવા જે કંઇ પ્રયત્નો થાય છે તે કેટલીક વખત ફળીભુત થાય છે. તે જ ઉદ્દેશને લઇને આ ગ્રંથ લખવાને યોગ્ય ધાર્યું છે.

આ ગ્રંથ લેખનનો મુખ્ય હેતુ ફળીભુત થઈ કન્યા વિક્રય નાબુદ થવામાં આ ગ્રંથ કોઇ પણ રીતે મદદગાર થઇ પડશે તો અમો અમારો આ અલ્પ પ્રયાસ સફળ થએલો માનીશું.

આ ગ્રંથમાં બીજી પણ જે બાબતો લખાયલી છે તે પણ આશા છે કે જનસમાજને ઉપયોગી થઇ પડશે.

આસો સુદ ૯
મોહન બીલ્ડીંગ્સ
ગીરગામ રોડ–મુંબાઇ.

"લેખક",

કમળા.

પ્રકરણ ૧ લું.

કમળા.

આસો સુદી પૂર્ણીમાની રાત્રિએ આઠ વાગ્યાના સુમારે કમળા પોતાના સુવાના ઓરડામાં પલંગ પર બેઠી બેઠી કંઈ વિચારમાં મશગુલ જણાતી હતી આ વખતે ચંદ્ર પાણી ભર્યા વાદળાંમાંથી ઝાંખ તેજ જગતપર પાડતો હતો, તેથી કરી તેના મ્હોંપર પડતાં ચંદ્રનાં કિરણોથી કમળાનું મ્હોં ઘણું ચળકતું હતું.

રાત્રિના સર્વ જગત શાન્ત હતું, કમળાના માથાના કેશ છુટા છવાયા તેની સફેદ ગરદન પર પડ્યા હતા, કમળાએ એક ગરીબ માબાપને ઘેર જન્મ લીધો હતો પણ તેનું સૌંદર્ય ઘણુંજ મોહક હતું. તેનું ગોળાકાર મુખ, તીણું નાક, ઝીણી આંખો, મોટું કપાળ, તથા વચમાં સૌભાગ્યનો ચાંદલો, અને માથાના સફેદાઈવાળા ચળકતા કાળા કેશ એ સર્વ તેના સૌંદર્યમાં વધારો કરતા હતા.

દિવાળીના દિવસો નજીક આવવાથી ગામનાં તમામ માણસો પોતાના ઘરોને લીંપીગુપી શણગારતાં હતાં, નાનાં બાળકો પણ પોતાને આનંદ થશે તેવા વિચારોથી મઝામાં દિવસો ગુજારતાં હતાં, તેમજ ઘણી મુદતથી પતિનો વિયોગ ભોગવનારી સ્ત્રીઓ પણ આ દિવાળી પર્વ વખતે પોતાના સ્વામીનો મેળાપ થશે તેવા વિચારથી

હર્ષમાં તણાતી હતી. એકંદરે આ દિવસો નાના મોટા, સ્ત્રી પુરૂષો, વેપારીઓ તથા નોકરોને દરેકને આનંદદાયીજ હતા.

કમળાની ઉમર આશરે તેર વર્ષની હતી પણ તે હજુ કુમારીજ હતી તેનું ખીલેલું યૌવન હવે દેખાડી આપતું હતું કે તે હવે પતિનો વિયોગ સહન કરી શકવા સમર્થ નથી તે સાધારણ ભણેલી હોઇ સ્વભાવે શાન્ત, વિવેકી તથા દયાળુ હતું તેમજ તેણે ગરીબ માબાપના ઘરમાં રહીને પણ પોતાની સદ્‌ગુણી માતા શુશીલાના પાસેથી ગૃહીણી બનવાને ઉત્તમ ગુણો ગ્રહણ કર્યાં હતા.

વાંચકોને એમ તો વિચાર થશે કે કમળા શું વિચારમાં હશે ? તો અમારે આપને આગળ જણાવવાનો વિશ્વાસ નહિ આપતાં અત્રે જ જણાવવું પડશે કે, કમળાના પિતા લક્ષ્મીનંદન હવે તેના લગ્નની તૈયારીમાંજ હતા પણ તે લગ્ન તેમની તરફથી નિસ્વાર્થે થનાર હતાં નહિ મતલબ કે કમળાના પિતા પૈસાના ઘણા લોભી હતા એટલે તેમની ઇચ્છા પોતાની ભણેલી, તથા ડાહી દીકરીને પરણાવવાના બદલામાં સ્વજાતિના કોઇ પણ અજાણ્યા વૃદ્ધ ગમે તેવા ગૃહસ્થ પાસેથી પણ મનમાન્યા પૈસા લેવાની હતી ને તે ઇચ્છા બર લાવવાને તેઓ પ્રયાસમાં હતા એટલે કમળા અત્યારે વિચાર કરતી હતી કે મારો લોભી બાપ મારે બદલે કેટલા પૈસા લઈ કેવા ગૃહસ્થની જોડે મારૂં લગ્ન કરશે ? શું મને કોઈ વૃદ્ધ સાથે પરણાવશે ? શું કોઈ અભણ સાથે પરણાવશે ? શું મારો ધારેલો પતિ મને નહિજ મળે ? હા હરિ શું થશે ?

લક્ષ્મીનંદન શેઠ જ્યારથી કમળાના લગ્નની યોજનામાં ગુંથાયલા હતા ત્યારથી કમળા બિલકુલ આનંદમાં હતીજ નહિ. તે સદા ઉદાશ રહેતી, સાહેલીઓ સાથેની રમતગમતમાં પણ પુરતી રીતે ભાગ

લેતી નહિ, કમળાને બીજો તો વિચાર કંઇજ નહોતો પણ તેના મનમાં એક સ્વજાતિનો કેળવણી પામેલો ગરીબ ગૃહસ્થ રમી રહ્યો હતો ને તેને વરવા માટે કમળાએ નિશ્ચય કર્યો હતો પણ તે ગરીબ સ્થીતિનો હતો એટલે તેની સાથે તેનો બાપ કેવી રીતે પરણાવશે, તથા ન પરણાવે તો મારે શું કરવું વગેરે બાબતના વિચારમાં હતી.

લક્ષ્મીનંદન શેઠે હવે છેવટનો નિશ્ચય એક સ્વજાતિના વૃદ્ધ ગૃહસ્થ સાથે મન માન્યા પૈસા લઇ પરણાવવાનો કર્યો હતો ને તે નિશ્ચય કમળાના જાણવામાં પણ આવ્યો હતો ને તેણે પોતાના બાપને પોતાની સાહેલીઓ સંગાથે તે માટે અણગમો બનાવ્યો હતો તેથી તેના બાપના મનને ચિંતા થતી હતી કે રખેને આ દીકરી લગ્ન વખતે વિઘ્ન નાંખે માટે વિવાહ કરતા પહેલાં તેની સલાહ લેવી.

કમળા વિચારમાંને વિચારમાં કપડાંના ભાન સિવાય પલંગપર બેસી રહી છે. ઘડીકમાં આમતેમ ફરે છે, ઘડીક અશ્રુપાત કરી પહેરેલા પછેડાનો પાલવ પલાળે છે, ઘડીકમાં પોતાના ભવિષ્યમાં માનેલા પ્રેમીનું સ્મરણ કરે છે તેવી સ્થીતિમાં બેઠી છે તેવામાં તેના પિતા અંદર આવ્યા. કમળા એકદમ પલંગ પરથી સફાળી ઉઠી.

“ પધારો પિતાજી ”

“ કમળા તું અત્યારે શા વિચારમાં બેઠી છે ? ”

“ કંઇ નહિ સહેજ સાજ ”

લક્ષ્મીનંદન શેઠ પલંગપર બેઠા ને પોતાની દીકરીને પણ પલંગ પર બેસવા કહ્યું.

લક્ષ્મીનંદન શેઠે વાત ઉપાડતાં કહ્યું કે દીકરી કમળા હવે તારી ઉમર વિવાહને યોગ્ય થઇ છે ને અમે પણ હવે તારાં લગ્ન જેમ બને તેમ જલદી કરવાની તૈયારીમાં છીએ તે તું જાણે છે.

" કમળા શરમને લઇને નિરૂત્તરજ રહી."

થોડીકવારે લક્ષ્મીનંદન શેઠે કહ્યું કે દીકરી કમળા, તારી તબીયત હાલ નરમ રહે છે તેથી હાલતો તારૂં લગ્ન અમે કરવા ઇચ્છતાં નથી તો પણ હાલમાં તારો વિવાહ કરવો એ સારૂં છે કારણ કે પછીથી વખતે સારો પૈસાવાળો મુરતીઓ પરાણે હાથ લાગ્યો હોય તે વખતે મંડાઇ જાય માટે અમો તારો વિવાહ કરી નાંખવાના છીએ. તેમાં તારી શી મરજી છે?

કમળાએ હવે શરમ છોડીને કહ્યું કોની સાથે!

આપણી જ્ઞાતિના પ્રેમચંદ શેઠ કે જેઓની બીજી વખતની સ્ત્રી હાલમાં મરણ પામી છે. તેઓ સારા પૈસાવાળા છે, તથા તેમની ઉમર પણ પચાસ, પંચાવન વરસની જ છે.

" કમળા શરમને લઇને નિરૂત્તર રહે તેમ હતું તોપણ પિતાનો નિશ્ચય હજુ ફર્યો નથી તેથી તેના હૃદયમાં ગભરાટ ફેલાયોને ગભરાટમાંને ગભરાટમાં જ શરમ નહિ રાખતાં બોલી ઉઠી પિતાશ્રી! શું મારૂં લગ્ન સાઠ વરસના ઘરડા સાથે કરવા માગો છો?"

" તેમની ઉમર સાઠ વરસની છે તેથી શું થઈ ગયું. પણ તેઓ સારા પૈસાદાર છે તેમજ તેમની બે સ્ત્રીઓ ગુજરી ગએલી છે, પણ તેમને કંઈ સંતાન નથી તેમજ બીજી પણ બધી તરફનું તેને ત્યાં સુખ છે. એટલે તેમને ત્યાં તને સારૂં સુખ મલે એમ અમે ઇચ્છીએ છીએ."

"પિતાશ્રી તેમના પૈસા મારે જોઇતા નથી, તેમનું બીજું સુખ પણ મારે જોઇતું નથી. પણ તેમની ઉમર તો હવે તદ્દન ઘરડા જેટલી જ છે ને તેમની સાથે લગ્ન કરી મારો જન્મારો એળે કાઢવા કરતાં તો મને કુંવારી રહેવા દો તે જ વધુ ઉત્તમ છે"

"દીકરી આ તું શું બોલે છે! શું આપણી જ્ઞાતિમાં તે કુંવારા રહેવાતું હશે."

"ત્યારે રાંડયા પછી સંસાર સુખ ભોગવવાનો આપણી જ્ઞાતિમાં રિવાજ છે?"

"દીકરી તારૂં મગજ અત્યારે ઠેકાણે નથી કે શું!"

"પિતાશ્રી મારૂં મગજ ઠેકાણે જ છે ને આપને હું જે કંઈ કહું છું તે યોગ્ય જ છે કારણ કે તમે હાલ જે ઘરડા સાથે મારૂં લગ્ન કરવા માગો છો તે મને તો નથી લાગતું કે તે પાંચ વર્ષ પણ ભાગ્યે જ કાઢે એટલે તેમની સાથે પરણીને પછી મારે તો વિધવા જ રહેવું કેની!"

"દીકરી, દીકરી, તું શુકનમાં આશું બોલે છે! અમે તારૂં સારૂં થાય તે ઇચ્છાથી સારો શ્રીમંત ને વગસગવાળો માણસ તારે માટે શોધી કાઢયો છે છતાં તું આ પ્રમાણે બોલે છે તે સારૂં ન કહેવાય."

"કમળાથી પિતાની આ ધુતારા જેવી જાળ સહન ન થઇ શકી તેથી તે ગુસ્સામાં બોલી કે "પિતાજી હું બધું જાણું છું કે આપ મારૂં કેટલું સારૂં ઇચ્છો છો! મારા બદલે મનગમતા પૈસા લેવાને આપ કેટલી મુદતથી પેરવી કરો છો તે હું જાણું છું. પિતાજી! તમારી આવી સ્વાર્થ વૃત્તિ છતાં મને પાછા ખોટું સારૂં લગાડો છો. તમે મારા બદલે મનગમતા પૈસા લઇએ વૃદ્ધ સાથે મારૂં લગ્ન કરવા ઇચ્છા રાખોછો તે કદાપિ થનાર નથી. પિતાજી! પિતાજી! આ રંક બાળકીપર આવો જુલમ ન કરો, આમ કુવામાં ધકેલી મુકવાના વિચાર ન કરો, જરા તો વિચારો કે, આ દીકરીને મડદા સાથે પરણાવવાથી તેનું સૌભાગ્ય કેટલા વર્ષ ટકશે ને તે સૌભાગ્ય ટુંક મુદતમાં નષ્ટ થવાથી તેનું શું

થશે ! વિચારો, વિચારો, આમ છેક સ્વાર્થ દ્રષ્ટી ન રાખો, નાનપણમાં મનગમતાં લાડલડાવી પાળી પોષી મોટી કરી આમ છેક દુઃખમાં ન ધકેલો."

"કમળા, અમે તો વિચાર કરીને જ આ સગપણ કરીએ છીએ કે જેથી કરીને તું સુખી થાય. તેમને ત્યાં દરેક વાતનું સુખ છે તથા પૈસે ટકે પણ સુખી છે."

"પિતાશ્રી, પૈસાને મારે શું પુજવા છે? શું પૈસાવાળાં દંપત્તિઓ સુખમાં જ રહે છે! કદી નહિ. ફક્ત જે દંપતિઓ પરસ્પર પ્રેમભાવથી વર્ત્તે છે તે જ સદા સુખી છે."

"દીકરી અમે તો એમજ ધારીએ છીએ કે તને ત્યાં પરણાવવાથી તને સોનાની ટેકરી પર બેસારવા જેટલું સુખ અમે માનીએ છીએ તથા તેમાં અમને પણ લાભ છે."

"પિતાશ્રી, શું મારૂં કહ્યું નહિ જ માનો! શું આમ નમેરાજ થશો! શું આમ છેક સ્વાર્થી થશો! પિતાશ્રી, તમે આમ કરવાથી ઇશ્વરના ગુન્હેગાર થશો, કારણ કે ઇશ્વરે તમને દીકરીનો વિવાહ કરવામાં દીકરીની સંમત્તિ સિવાય વિવાહ કરવાનો અધિકાર આપ્યો જ નથી ને તેથી કરીને અસલના રાજાઓ પણ સ્વયંવરની રીત પસંદ કરતા હતા. ફક્ત માબાપોને તો દલાલ રૂપે જ લગ્ન કરી જોડાને આશીર્વાદ આપવાનો જ અધિકાર છે છતાં તમે તો ગમે તેવાની સાથે મને પરણાવવાને સંપૂર્ણ સત્તા ધરાવતા હો તેમજ કરો છો, પિતાજી, પિતાજી છેક આમ ન કરો જરા તો આ રંક બાળકીના અશ્રુ સામું જુઓ! જરા મારૂં તો સારૂં વાંચો! કહ્યું છે કે

"કન્યા વિક્રય જે કરી, લે દીકરીના દામ
(તેને) સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, નહિ ઠરવાનું ઠામ"

"દીકરી અમે તો તારૂં સારૂં થાય એ ઇચ્છાથી આ લગ્ન કરવાનું ધાર્યું છે છતાં તું હા ના કરે તેમાં અમે શું કરીએ, હશે તું તો નાની છે એટલે ઉંડો વિચાર કરવાનું તું ન સમજે માટે ભવિષ્યમાં તારૂં સારૂં થાય એ જ ઇચ્છાથી અમે તો તેમની સાથે જ તારૂં લગ્ન્ કરીશું માટે ડાહી થા, આમ છેક ગાંડી ન થા.

"પિતાશ્રી હું તો ડાહી જ છું. ઉંડો વિચાર કરીને જ બોલું છું, પણ તમારી સ્વાર્થ દૃષ્ટિને લઇને તમે મારૂં આ બોલવું ગાંડામાં ગણો છો."

"દીકરી તારે માટે આપણી જ્ઞાતિમાં કોઈ લાયક વર મને જડતો જ નથી"

"પિતાશ્રી એમ જ કહોની કે પૈસો જડતો નથી, વર તો ઘણાએ છે. ચોળી ને ચીકણું શું કરાવો છો ?"

"કોણ છે !"

"આપ ક્યાં નથી જાણતા"

"દીકરી તે તો હું જાણું છું કે તું આપણી જ્ઞાતિના એક ગરીબ સ્થીતિના ગૃહસ્થ મી. નટવરલાલ સાથે તારાં લગ્ન થાય તો તું ખુશી છે પણ તું જાણે છે કે તેમને કોઇ પણ રીતની ઓથ નથી."

"પિતાશ્રી આ જગતમાં કોઇની ઓથ કંઈ કામની નથી તેમને ઓથ નથી પણ તેઓ કેળવણી પામેલા છે એટલે તેમને સર્વત્ર ઓથ છે કહેવત છે કે "પરદેશમાં સાચો મિત્ર વિદ્યા છે."

રાત્રિ બહુ ગઇ હોવાથી તેના પિતાજીએ કહ્યું દીકરી કમળા હવે સુઇ જા ગાંડી આમ ગાંડી ન થા, એમ કહી ચાલતા થયા.

પ્રકરણ ૨ જું.

સ્વપ્નામાં દેવીનો ચમત્કાર.

લક્ષ્મીનંદન શેઠ આ પ્રમાણે કહી વિદાય થયા. કમળાનો જીવ વધારે ગભરાટમાં પડ્યો. તે વિચારમાં પડી કે હવે મારે શું કરવું. પિતાજીએ તો પૈસાની ખાતર આવા ઘરડા જોડે મારો વિવાહ કરવાનો ધાર્યો છે તેમને સમજાવતાં તેઓ માનતા જ નથી તેમ જ મારી માતા શુશીલાએ પણ તેમને ઘણી વખત કહ્યું છતાં માનતા જ નથી હે ભરતખંડની પ્રાચીન સતીઓ, હે દિવ્ય દેવીઓ તમારી આ નિર્દોષ બાળાને રસ્તો બતાવો ! અત્યારે તમે ક્યાં વસો છો ! અરે મારા હૃદયનો કકળાટ તમને દયા નથી ઉપજાવતો ! તમે શું નિર્દય થઈ બેસી જ રહેશો ! મારી વ્હારે નહિ જ આવો ! મારે શું તે વૃદ્ધની સાથે જ લગ્ન કરવાં કે કોની સાથે તે જણાવો ! ભલે તમે મને નહિ જ સલાહ આપો તો હું તો મારાં લગ્ન નટવરલાલની સાથે જ કરીશ, હું તેમની જ થઈશ.

કમળા વિચારમાંને વિચારમાં નિંદ્રા દેવીને આધીન થઈ. રાત્રિના બાર વાગ્યા, આખું ગામ શાન્ત જણાતું હતું. પક્ષીઓનો મધુરો કલરવ મનને આનંદ આપતો હતો, ચાંદની પૂર્ણપણે ખીલી હતી, તથા ઝાડોનાં લીલાં પત્રોપર બરફ સમાન ચંદ્રનું તેજ પડતું દેખાતું હતું. કમળાના ઓરડાની બારીઓ પણ ખુલ્લી હતી તથા દીવો પણ ઝીણો ઝીણો બળતો હતો. કમળા ભરનિંદ્રામાં સુતી હતી નદીને કિનારે જેમ મત્સ વાઘણ પડી હોય તેમ આ નિર્દોષ કમળા ભરયોવનમાં જણાતી પલંગપર પડી હતી, પાટલીનો પટ છુટો છવાયો થઈ ગયો હતો, એકંદરે તેનું રૂપ મોહક દેખાતું હતું.

જે વિચારો કરતો માણસ રાત્રિની વખતે નિંદ્રાને આધીન થાય છે તેવા જ વિચારો તેને સ્વપ્નામાં ઘણી વખત આવે છે તે અનુભવ સિદ્ધ વાત છે તે પ્રમાણે આપણી અત્યારે દુખમાં ડુબેલી કમળાને પણ કે જે ભારતની પ્રાચીન સતીઓ, અને દેવીઓનું સ્મરણ કરતી નિંદ્રાને આધીન થઇ હતી તેને પણ સ્વપ્નામાં ઇચ્છીત પતિનાં દર્શન થયાં, દર્શન થતાંની સાથે જ સફાળી ભેટવા દોડી, કયાં જાય, પાછી પડી, ને પલંગપર બેસી બોલવા માંડી કે " સ્વામીન્."

વિધાતાએ લખ્યું એવું, તમે મુજને નહિ મળશો ?

(કે) મળીને આમ જાઓછો, તમે તેથી સુખી થાશો !

ના, ના, ભલે તમે તેમ માનતા હશો પણ હું તો તમને નહિ જ છોડું. બકતી, લવારો કરતી, આંસુડાં ભરતી દુખી કમળા ફરી પાછી નિંદ્રાને આધીન થઈ. સ્વપ્નામાં તેને જગતજનેતા કોઈ દિવ્ય દેવીએ દર્શન દીધાં શું દેવીનું સ્વરૂપ ! આવાં સાક્ષાત જગતજનેતાના દર્શનથી જ મનુષ્ય પાવન થાય એમાં કાંઈ શંકા નથી. દર્શન થતાંની સાથે જ કમળા જાગી ઉઠી. ને માતાને સાષ્ટાંગ પગે લાગી. માતાએ તેને આર્શીવાદ આપ્યો. ને બોલ્યાં કે દીકરી કમળા તું ગભરાઇશ નહિ તારૂં દુખ થોડા વખતમાં દુર થશે.

" માજી આપ બહુ દયાળુ જણાઓ છો, કારણ કે આપને મેં ગઇ રાત્રીએ જ યાદ કર્યાં હતાં ને આપે મને તરત જ દર્શન દીધાં માજી હું આપનો બહુ ઉપકાર માનું છું. "

" દીકરી, માતાની ફરજ છે કે સંતાનોનું દુઃખ દુર કરવું. હું તારી કુળ દેવી છું એટલે મારી તો ફરજ છે કે મારૂં કોઇ પણ બાળક ખોટી રીતે દુઃખી થતું હોય તો તેને ખરે રસ્તે ચઢાવવા મદદ કરવી. બોલતારે કંઇ મદદની જરૂર છે ? "

“ માજી આપ સર્વજ્ઞ છો એટલે મારે શાની જરૂર છે તે આપ જાણો જ છો એટલે હું તેમાં આપને શું કહું.”

“ દીકરી હું જાણું છું કે તારો પાપી પિતા તારા બદલામાં મન માનતા પૈસા લઇ એક ઘરડા વરની જોડે તારૂં લગ્ન કરવા ઇચ્છે છે પણ તે હું કદી થવા [illegible]નાર જ નથી કારણ કે તેથી કરી ભવિષ્યમાં તારા પિતાનું સા[illegible], કારણ કે જે માબાપો દીકરીના પૈસા લે છે અર્થાત્ ક[illegible] કોઈ પણ રીતે વિક્રય કરે છે તે નર્કના અધિકારી છે માટે તારા પિતાના હાથે તેમ ન થાય તેમ તને પણ મનગમતો ભરથાર મળવાથી સુખ થાય.

“ માજી મેં પણ મારા પિતાને તેમ સમજાવ્યા પણ તેમણે તો ન જ માનતાં મારો વિવાહ તે વૃદ્ધની સાથે જ કરવાની મરજી જણાવી છે.”

“ દીકરી તું ડરીશ નહિ, સત્યનો સદા જય છે. હાલ તારા પિતા લોભને વશ થએલા છે એટલે કદાચ તે માનશે નહિ પણ હાલ તો તું મુસાફરી કરવાને બહાને બહારગામ થોડીક મુદત નીકળી જજે એટલે તારા પિતાને તેટલી મુદતમાં કંઈ સારા વિચાર ઉત્પન્ન થશે હવે હું જઇશ.”

“ માજી સમય આવે સદા સહાય કરતા રહેશો.

દેવી અંતર્ધાન થઇ ગયાં.

પ્રકરણ ૩ જું.

કમળા ને નટવરલાલ.

દિવસો ઉપર દિવસો વિતવા લાગ્યા, દિવાળીના દિવસો નજીક આવવા લાગ્યા તેમ કમળાના લગ્નના દિવસો પણ હવે નજીક જ આવવા લાગ્યા તોપણ કમળાના [illegible]ના વિચારોમાં હજુ કંઇ પણ ફેરફાર ન જ થયો. છેવટે કમળા[illegible] હવાફેરને માટે મુસાફરીમાં જવાનો પોતાનો વિચાર તેના બાપને જણાવ્યો. લોભી પિતાએ પણ પૈસાને આ વખતે ભવિષ્યમાં થવાના લાભને લઇને વહાલો ન કરતાં તેને તેમ કરવાની હા પાડી.

કમળાએ નટવરલાલને મળી મુસાફરી સંબંધી વાતચીત કરવાનું ધાર્યું; રાત્રિના લગભગ નવ વાગ્યાના સુમારે ઘરમાં કેટલાક કામસર બહાર જાઉછું તેવું કહી નટવરલાલના ઘેર આવવા નીકળી, નટવરલાલ પોતાના ઓરડામાં ખુરસીપર બેઠા બેઠા ન્યુસપેપર વાંચતા હતા, પાસે એક નાનું પણ સુધરેલી ઢબનું ગોળ ટેબલ પડયું હતું, તે પર મહાન પુરૂષોનાં જીવન ચરિત્રોનાં, તથા બીજાં સારાં સારાં પુસ્તકો પડયાં હતાં, લાઇટ ધીમું ધીમું મંદ પ્રકાશે બળતું હતું, ઓરડાની ભીંતોએ મહાન પુરૂષોની છબીઓ, ફોટાઓ તથા અન્ય સુંદર ચિત્રો ટાંગેલાં હતાં, રૂમનું બારણું સહેજ આડું કરી વાંચવા બેઠેલા નટવરલાલને એકદમ ઘરનું બારણું ખખડયાનો અવાજ કાનપર પડયો, કાનપર અવાજ પડતાની સાથે જ બહાર જઈ જુએ છે તો કમળાને જ અંદર આવતી દીઠી કમળાએ બારણું બંધ કરી દીધું.

“ કમળા તું અત્યારે આટલા આનંદમાં કેમ દેખાય છે ને અત્યારે અહીં આવવાની તને શું જરૂર પડી. ”

"આનંદ થાય એ સ્વાભાવિક જ છે. કઈ રસિકાને પોતાના પ્રિયતમનાં દર્શનથી હર્ષ નહિ થતો હોય? જુઓને આ રાત્રી પણ પોતાના પ્રિયતમ ચંદ્રને નીરખીને કેવી આનંદ કરી રહી છે."

"કુદરતની ગતી ન્યારી છે, એક બાજુથી તું મને ચાહે છે પણ બીજી બાજુથી તારા પિતા તને બીજે ઠેકાણે વરાવવા ઈચ્છા રાખે છે. માણસનું ધાર્યું શું થાય છે.

"આપના હૃદયમાં આવી અઘટીત શંકા આવવાનું શું પ્રયોજન!

"કંઈ નહિ."

"તોપણ."

"શું તું અત્યારે અહીંઆં સ્હેજ કામે આવી છે."

"તમે કેમ આમ બોલો છો! શું મારા નિર્મળ પ્રેમ માટે તમને શંકા છે!"

"તારા શુદ્ધ પ્રેમની ખાતર હું મને પોતાને ભાગ્યશાળી ગણું છું. અને તારા જેવી વિદ્વાન, વિવેકી, વિનયી, પ્રેમી અને સદ્‌ગુણી સુન્દરી મને કદાચ પ્રાપ્ત થાય તો મને સ્વર્ગમાં મળતા સુખ કરતાં પણ વધારે આનંદ થાય."

"ત્યારે શું હું તમારી નથી! તમે મને તમારી માનતા નથી! હું તમારી જ છું. સ્નેહલગ્ન એજ ખરૂં લગ્ન છે."

"સ્નેહીઓને જ્યાં સુધી લગ્નની પવિત્ર ગાંઠથી જોડવામાં ન આવે ત્યાં સુધી તેમને શાન્તિ ન થાય માટે સ્નેહીઓનાં પણ લગ્ન તો થવાં જ જોઇએ."

"પરન્તુ સ્નેહી સાથી ન મળે તો."

"જો તેમ નજ થાય તો સ્નેહીની શાન્તિને ખાતર, માતપિતાની આબરૂને ખાતર આત્મભોગ આપવો."

"હવે તે બધી વાત ત્યારે પણ અત્યારે પરાયા ઘરમાં આ-વવાનું કારણ શું તે જણાવ" નટરવલાલે કહ્યું.

"વહાલા" હું પરાયા ઘરમાં આવી નથી પણ પોતાના જ ઘરમાં આવી છું.

"શું આ ઘર તારૂં પોતાનું જ છે ?"

"હા."

"શા ઉપરથી."

"મારૂં મન એમ જ માને છે કે તે મારૂં છે ને મારૂં થશે જ."

"કમળા જો તારૂં મન તેમ માનતું હોય તો ભલે પણ તેમાં તારી ભુલ છે."

"કારણ."

"કારણ એજ કે તારા પિતા હવે તારાં લગ્ન ગમે તેની સાથે કરી દેશે એટલે પછી તું આ ઘરની માલીક શી રીતે થઈશ ?"

"ભવિષ્યમાં ગમે તે થશે પણ હાલ તો આ ઘર મારૂં જ છે."

"ભલે ચોર ચોરી કરે ને ગુન્હો પણ કબુલ કરે પણ તેથી તે ચોર નથી એમ કહેવા માગે તે યોગ્ય ન કહેવાય. તેં પણ ઠીક વાત કરી આ તો ચોર કોટવાળને દંડે તેવું કર્યું."

"ત્યારે તો બોલીએ નહિ તે સારૂં."

"કમળા હવે તે બધું રહેવા દેને અહીં આવવાનું ખરૂં કારણ જણાવ કારણ કે રાત્રિ વધારે જતી જણાય છે."

"આપનાં દર્શન કરી પાવન થવાને આવી છું."

"કમળા આ તારી ભુલ છે, આપણે ઉભય જ્યાં સુધી લગ્નની

પવિત્ર ગાંઠથી બંધાયાં નથી ત્યાં સુધી મારે માટે તારે જે કંઇ લાગણી રાખવી તે ભુલભરેલું જ છે."

"તેમાં કંઇ ભુલભરેલું નથી તથા તેમાં હું કંઇ ભુલ કરતી હોઉં તો તે સંબંધમાં તમારે કંઇ કહેવાની જરૂર નથી."

"ઠીક ત્યારે પડયું રહ્યું હવે ખરૂં કારણ જણાવ."

"મારે આવવાનું ખરૂં કારણ તો એ જ છે કે તમે જાણો તો છો જ કે મારા પિતા મારૂં લગ્ન કોઈ એક આપણી જ્ઞાતિના પૈસાવાળા વૃદ્ધ ગૃહસ્થ સાથે કરવાના છે ને તે માટે મેં તો તેમને ના જ પાડી છે. છતાં મારા પાપી પિતા તે માનતા નથી. હું આજથી આઠેક દિવસ ઉપર આ બાબતના વિચારમાં ને વિચારમાં સુતી હતી તેવામાં આપણાં જગતજનેતાનાં મને સ્વપ્નામાં દર્શન થયાં? દર્શન થતાંની સાથે હું તરત જ જાગી ઉઠી તો પણ માતાની તેજોમય મૂર્તિ મારી નજર આગળ ઉભી રહેલી જણાઇ મેં તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા; માતાજીએ મારા પર મહેર કરી મને હાલ શું કરવું તેનો રસ્તો બતાવ્યો."

"શું બતાવ્યો?"

"ખરો રસ્તો હાલ તો નથી બતાવ્યો તો પણ મને હાલ હવાફેરને માટે મુસાફરીએ જવાનું કહ્યું છે."

"કમળા તું હવે શું ધારે છે."

"હાલ તો મુસાફરીએ જઇશ."

"પછી"

"જો કંઇ નહિ બને તો ગમે તે કરીશ."

"કમળા તું એવા વિચાર માંડીવાળ ને તારા પિતા જેની સાથે તારાં લગ્ન કરે તેની સાથે પરણી તું સુખી થા, તું મને વિસરી જા.

હું પૈસાદાર નથી તેમ જ મારા પર થોડીક મુદ્દતમાં જ્ઞાતિ તરફથી આફત આવવાની છે એવું મેં સાંભળ્યું છે માટે મને વિસરી જા."

"વહાલા હું પૈસાની બીલકુલ પરવા કરતી નથી. તવંગર યાતો ગરીબ મારે મનતો સરખા જ છે. રાજ્ય મહેલમાં પ્રેમ રહિત રહેવા કરતાં ગરીબ પતિની ઝુંપડીમાં ગાઢાં સ્નેહથી રહેવું હું વધારે પસંદ કરૂં છું.

શ્રીમંતની ગાડી ઘોડાઓ દોડાવવા કરતાં ગરીબની સાથે જંગલમાં મંગલ કરી મારી જીન્દગી ગુજારવા હું વધારે આતુર છું. મેં મારૂં હૃદય શુદ્ધ પ્રેમથી તમને અર્પણ કર્યું છે અને તે બીજાનું નહીં થાય તે નહીં જ થાય. તેને માટે હું તમારી સાથે વચનથી બંધાઉ છું."

"કમળા, હું ઠીક કહું છું કે તું તારા બાપનું કહેવું માની મારી સાથેનો સ્નેહ છોડી દઈ તારા પિતા જેની સાથે તારાં લગ્ન કરે તેને જ તું પતિ તરીકે પુંજીશે કારણકે માબાપની આજ્ઞા પાળવી એ દરેક સંતાનનો ધર્મ છે."

"વહાલા, હું પણ જાણું છું કે માબાપની આજ્ઞા પાળવી એ બાળકોનો ધર્મ છે પણ માબાપો સ્વાર્થને ખાતર પોતાનો મનખો એળે કાઢતાં હોય તો તે વખતે પણ બાળકે મુંગે મોઢે સહન કરવું"

"તેમને સમજાવવા"

"સમજાવતાં ન માને તો"

"સહન કરવું"

"તેમતો ન જ બને"

"ઠીક ત્યારે તારી ધ્યાનમાં આવે તેમ કર પણ મારી સાથે

તારા પિતા લગ્ન કદી પણ કરશે નહિ. એટલે તારી હદ પાળવામાં, તારૂં વચન પાળવામાં તને ઘણી મુશીબતો નડશે ને છેવટે તારે વચન ભંગ થવું પડશે"

"વહાલા ત્હમારા માટે મુશીબતો તો શું પણ આખી જીંદગીને જો જોખમમાં નાંખવી પડશે તોપણ નાંખીશ પણ કદાપી વચન ભંગ તો નહિ જ થાઉં કારણ કે જે વચનને માટે હરિશ્ચંદ્રે રાજપાટ છોડી, અંત્યજને ઘેર વેચાયા હતા, રાજા દસરથે વચનને માટે પુત્ર વિયોગ સહન કરી પ્રાણ ત્યાગ કર્યો હતો તે વચનને માટે હું તમામ સહન કરીશ પણ પ્રાણાન્તે મારૂં વચન હું પાળીશ, પાળીશ ને પાળીશ."

"કમળા, કમળા, તારા આ વિચારો જાણી હું ઘણો જ આનંદિત થાઉંછું ઇશ્વર પાસે યાચું છું કે આપણો આ પ્રેમ સંબંધ સદા માટે જારી રાખો."

"તમે હવે મુસાફરીમાં મારી સાથે આવશો કે કેમ !"

"કમળા હું જો તારી સાથે જ આવીશ તો તારાને મારા ઉભય ઉપર આરોપ આવશે માટે હાલ તું એકલી જ જજે તે મને પત્રદ્વારા જણાવજે એટલે હું પણ તને આવી મળીશ."

"કમળા હવે તું ઘેર જા રાત્રિ ઘણી ગઈ છે."

"મને કંઇ ફીકર નથી આજની રાત તો અત્રેજ રહેવાની છું."

"અરે કમળા આ તું શું બોલે છે. હજુ સુધી આપણાં જાહેરમાં લગ્ન થયાં નથી ત્યાંસુધી એકાંત એ શું ?

"એ શું તે તે પણ આજ તો અહીંજ રહીશ" હાસ્યમાં કહ્યું.

"શા માટે."

"વહાલાનું મનરંજન થાય તે માટે."

" અરે ગાંડી થઈ કે શું ! છાનીમાની ઘેર જા, કોઇ વાતો કરશે. "

" કમળા રજા લઈ ઘેર જઇ. નટવરલાલ ઘડીક ભર વિચાર કરી પથારીમાં જઇ નિદ્રાધીન થયો.

પ્રકરણ ૪ થું.

નટવરલાલ.

નટવરલાલ પોતાના ઘરમાં બેઠો બેઠો વિચાર કર્યા કરે છે તેને બીજો તો કંઈજ વિચાર નથી પણ તે કન્યાવિક્રય રૂપી ઝેરી પવન આપણા પવિત્ર આર્યાવૃત્તમાં કે જે દેશ મહાન સતીઓના જન્મથી પવિત્ર ગણાય છે તે દેશમાં આજકાલ વીંટાઈ વળ્યો છે ને તેજ પવનમાં બીચારી કમળા કે જે પોતાપ્રત્યે અગાધ સ્નેહ જણાવે છે તેના વિચારમાં છે. અહા ! શું કન્યાવિક્રયરૂપી ઝેરી પવન તારૂં સામ્રાજ્ય ! તું દેશના દરેક ભાગમાં પ્રસરી જઈ મનુષ્યોને જેટલો ત્રાસ આપનાર થઈ પડયો છે, તેટલો ત્રાસ આપનાર હાલ બીજો કોઇ દુર્ગુણ નથી એમ કહીએ તો પણ ચાલે. કન્યાવિક્રય અરે એવી તો ખરાબી કરનાર છે કે જે આર્યદેશ પૈસે ટકે ભરપુર હતો, અરે જે બાળકો વિદ્યાકળામાં પ્રવીણ હતા તેજ આર્ય બાળકો કન્યાવિક્રયના પ્રભાવથી વિધાહીન અને પૈસાટકામાં સદા નબળી સ્થીતિએ રહ્યા છે. તથા જે આર્યાવર્ત્તની બાળાઓ પતિપ્રેમમાં મસ્ત રહી પોતે સતિ તરીકે પ્રખ્યાત થઈ દેશની કીર્તિ ઝળહળાવી ગયાં છે તેજ આર્યબાળાઓને આજે દશ કે બાર વર્ષે રંડાવાનાં દુખો સહન કરતી નજરે

જોઇએ છીએ, અરે તેમની કારમીફીફીઆરીઓ સાંભળી આપણા હૃદયને કેટલો ત્રાસ ઉપજે છે તે સઘળું શાથી છે! કન્યાવિક્રયથી.

અરે ધનના લોભી માબાપો પોતાની વહાલી કન્યાના સુખ માટે વિચાર નહિ કરતાં ધનની લાલચે ગમે તો વૃદ્ધ રોગી, યા ગમે તેવો બેડોળ મુરતીઓ હશે તો પણ તેને પોતાની શુશીલ બાળાઓ આપી તેમની જીંદગીના શત્રુ બને છે. આ વિક્રય કરનારા કેટલાક બંધુઓ હાલ પસ્તાય છે ને તેમ ન કરવા બીજાને ઉપદેશ પણ આપે છે. પણ તે બિચારા તરફ લક્ષ કોણ આપે!

ધનના લોભ જેવો બીજો કોઇ પણ લોભ નથી. જો દરેક માણસો કન્યાવિક્રય તરપ તિરસ્કાર બતાવતા હોય તો કેવું સારૂં પણ અરે તે તો ક્યાં! પણ આ તો ઉલટું વિષયવાસનાને આધીન થઇને જે માણસના ગાત્રોના દેવતાઓ પણ ગંગામાં સ્નાન કરવા ગયા હોય તેવા પણ મન માનતા પૈસા ધનના લોભી પુરૂષોને આપી પોતે યુવાન બાળાઓનો હાથ મેળવી ભાગ્યશાળી બની બિચારી યુવાન બાળાનો ભવ એળે ગુમાવે છે તથા બાળકોના માબાપો પણ પોતાના દીકરાનો વિવાહ નાનપણથી થાય તેટલા માટે મન માનતા પૈસા કન્યાના બાપને આપી નાનપણથી પોતાના છોકરાંના લગ્ન કરી દે છે! શું થાય! જ્યાં આવી રીતે આવા નુકશાનકારક રિવાજોને ઉત્તેજન મળે ત્યાં તે રિવાજ નાબુદ શી રીતે થાય! હરિ! હરિ! તું શું ધારે છે! બીચારા આર્ય દેશની આ સ્થીતિ! ક્યાં સતિ સીતા, સતિ દમયંતી, સતિ દ્રૌપદીના સ્વયંવરોને કયાં દીકરીના વેવીશાળ માટે થતાં હજાર, દશ હજારના લીલાઉ! થઇ રહ્યું! હરિ! હરિ! બીચારા આર્ય દેશનું અસલનું નુર જતું રહ્યું. કારણ કે જે આર્યદેશમાં અસલથી જ સ્ત્રીઓને દેવીનું સ્થાન અપાય છે, જે આર્યદેશના બા-

બીકો પોતાની વહુ, દીકરીની આબરૂને માટે રણમાં પ્રાણ અર્પી સ્વર્ગે સીધાવી પોતાનાં નામ અમર કરી ગયા છે તેના જ વંશજો આજે પોતાની દીકરી યા બેનના પૈસા લઇ તેના જ પેસાથી પોતે સુખી જીંદગીમાં દિવસો ગુજારે છે, ભલે તે ગમે તે માને પણ તેનો તો કદી વિજય થનારજ નથી. બીચારી કમળા કે જે નિર્દોષ છે સુકોમળ છે, તેનો વિવાહ તેના બાપ પૈસાના લોભે પ્રેમચંદ શેઠ સાથે કરનાર છે પણ વિચારતા નથી કે તે તો મરવાની તૈયારીમાંજ છે તેમના શરીરપરથી જણાય છે કે તેમને ચાલવાની પણ શકતી નથી તેની સાથે મારી દીકરીનું વેવીશાળ કરવાથી મારી દીકરીનું શું સારૂં થશે? હશે પણ હવે કમળા તો એક બે દિવસમાં મુસાફરીએ પણ જશે તો હવે તેને દુખમાંથી બચાવવા મારે શું કરવું? આવા વિચારમાં તે બેઠો છે તેવામાં પોસ્ટમેને આવી તેના હાથમાં એક કવર મૂક્યું કવર ફોડતાની સાથેજ મોટો પત્ર નીકળ્યો જેમાં લખ્યું હતું કે.

" પ્રિયભાઇ નટવરલાલ."

" હું ખુશી છું, આપ પણ હશોજ વિશેષ લખતાં ઘણોજ
" દિલગીર છું કે આપણી જ્ઞાતિનું પંચ આજેજ ઠરાવો કરી વિસ-
" ર્જન થયું છે તેમાં કેટલાક તમારા જેવા નિર્દોષપર ન થવા જેટલો
" જુલમ થયો છે. તમોને પણ હાલ તમારી પાસે જ્ઞાતિ જે જ્ઞાતો
" માગે છે તે માટે ગોળ બહાર મુક્યા છે ને તે જ્ઞાતો જ્યારે કરશો
" ત્યારે તમને ગોળમાં લેવા ઠરાવ કર્યો છે. આ ઠરાવના સંબંધમાં
" મેં તથા આપણા મિત્ર ચંદુલાલે ઘણીજ તકરાર લીધી હતી ને
" કહ્યું હતું કે તે ગરીબ સ્થીતિનો છે, તથા હાલ તે વિદ્યાભ્યાસ કરે
" છે એટલે તેને ભણવાને પણ પુરતાં નાણાં મળી શકતાં નથી તેમજ

" તેનાં માબાપ પણ હાલ મરી ગયેલાં છે એટલે હાલ તેના ઉપર
" આવો જુલમ ન કરો તે કમાતો થશે ત્યારે સૌ થઇજ રહેશે તો
" પણ કોઇએ ન માન્યું ને આજ ઠરાવ કર્યો, તું ડરીશ નહિ, કુળ-
" દેવી નિર્દોષનું ભલુંજ કરશે, અમે તે માટે ખટપટમાં છીએ. પત્ર
" હવે તો પ્રથમના ઠેકાણેજ લખજો.

લી. સ્નેહાધીન

" ચૈતન્યલાલના

સ્નેહ સ્મ૦ "

પત્ર વાંચી ટેબલપર મૂકી ગંભીર વિચારમાં પડી ગયો ને મુ-ખથી બબડવા લાગ્યો કે અરે હે જ્ઞાતિના શેઠીયાઓ તમારા પર જ્ઞા-તિના સમગ્ર જનોએ વિશ્વાસ રાખી તમને જ્ઞાતિમાં શ્રેષ્ટ તરીકે નીમ્યા છે, તમને જ્ઞાતિનું હિત અહિત કરવાની ચાવીઓ સોંપી છે, તમે જે કરો તે કબુલ કરવા બીજાઓ કબુલ કરે છે, તમોને સાક્ષાત ધર્મરાજા સમાન લેખે છે તોપણ તમો એક જ્ઞાતિ વરા જેવી ક્ષુલ્લક બાબતમાં પણ આ પ્રમાણે જ્ઞાતિ બહાર મૂકી મારા જેવા ગરીબની આંતરડી કકળાવો છો ? ઉલટું એમ તો નહિ કે જ્ઞાતિનાં બાળકો જે ગરીબ સ્થીતિનાં હોય કે જે ખર્ચ કરી કેળવણી લઇ શકે તેમ ન હોય તેને કેળવણી આપવાને ફંડ ઉભું કરો, બોર્ડીંગો સ્થાપો, નવી નવી ઉદ્યોગશાળાઓ સ્થાપો તે તો નહિ પણ હું કે જે હાલ સાધારણ સ્થીતિમાં મારૂં ગુજરાન કરૂં છું ને અભ્યાસ કરૂંછું તેને પણ તમે ભોજનના સ્વાદ માટે મને જ્ઞાતિ બહાર મૂકયો. અરે ! તેથી તમને શું ફાયદો છે ! હું ક્યારે એમ કહેતો હતો કે હું જ્ઞાતિ નહિ જ કરૂં ! મારૂં એવું ક્યાંથી અહોભાગ્ય કે મારા ઘેર મારા જ્ઞાતિ

બંધુઓનાં પગલાં થાય પણ હાલ મારી સ્થીતિને લઇને હું તેમ ન કરી શકયો તે માટે મારા પર આટલો કોપ! અરે શેઠીયાઓ જરા તો દયાળુ થાઓ. મારા જેવાને જ્ઞાતિ બહાર મુકવા કરતાં તો આ કમળાનો પિતા કે જે પોતાની દિકરીને મનગમતો પૈસો લઈ એક ઘરડાની જોડે પરણાવી દઈ દીકરીનો ભવ એળે કાઢે છે તેને જ્ઞાતિ બહાર મુકો, શેઠીયાઓ તમે મને જ્ઞાતિ બહાર મૂકી રાજી થાઓ, પણ આથી આપણાં કુળદેવી કદી રાજી થશે નહિ કારણ કે તમે તમારી મુળ ફરજ જે જ્ઞાતિનું હિત કરવાની ખરીખરી બાબતો ધ્યાનમાં લેવાની તેને બદલે મારા જેવા ગરીબ અને નિર્દોષને આમ દંડો છો. અરે હે કુળદેવી, હે માતા, તું કયાં ગઈ! તારૂં સત્ય કયાં ગયું! જે જ્ઞાતિમાં કન્યાવિક્રયનું નામ નહોતું અરે જ્ઞાતિના સમગ્રજનો પૈસેટકે સુખી હતા તેજ જ્ઞાતિમાં અત્યારે કન્યાના જાહેરમાં વિક્રય થતા જાય છે ને પૈસામાં પણ એવી સ્થીતિ થઇ ગઇ છે કે પૈસાની તંગીને લઇને કેટલાક તો બિલકુલ વિદ્યાભ્યાસ પણ કરી શકતા નથી ને પોતાની જીંદગી દુ:ખમાં પુરી કરે છે. હે કૃપાળુ માતા! હવે તો દયા કરો તો સારૂં! આમને આમ જો જ્ઞાતિમાં ચાલ્યું જશે તો જ્ઞાતિનું નામ પણ નાશ થશે માતા, અમારા કૃપાળુ માતા હવે મારા જ્ઞાતિબંધુઓના હૃદયમાં સદ્‌વિચારો મૂક કે જેથી કરી જ્ઞાતિનું હિત થાય.

આમને આમ વિચારમાં લવ્યા કરે છે તેવામાં બહારથી તેને કોઈ બોલાવતું હોય તેવો ભાસ થયો તેથી તે બહાર ગયો ને આવેલા માણસની સાથે કેટલાક કારણસર બહાર ગયો.

પ્રકરણ ૫ મું.

સુશીલાના સદ્વિચારો.

કમળાના પિતા કમળાને વૃદ્ધ વર સાથે પરણાવી તેને બદલે મનમાન્યા પૈસા લેવા ચહાતા હતા. પણ કમળાની માતા સુશીલા જે એક કુળવાન માબાપની દીકરી હતી તથા તેણે સાધારણ કેળવણી પણ લીધેલી હતી એટલે તેના વિચાર તો કમળાને કોઈ સારા વિદ્વાન તથા યુવાન નરને પરણાવવાનો હતો કે જેથી કરી તે સુખી થાય ને તે માટે તેણે ઘણી વખત લક્ષ્મીનંદન શેઠને કહ્યું હતું. તોપણ લક્ષ્મીનંદન શેઠ પૈસાના એવા લોભી હતા કે તે એકના બે થતા જ નહિ તેમ જ સુશીલા પણ સમજતી હતી કે વખત આવે સૌ થઇ રહેશે તેમ ધારી કજીઓ કરતાં નહિ પણ હવે તો કમળાના વિવાહની તૈયારી જ હતી એટલે શુશીલા હવે દરરોજ ચિંતામાં રહેતાં કે હવે મારી કમળાનું શું થશે ! છેવટે શેઠને તેમણે ઘણા સમજાવ્યા તોપણ શેઠે તો માન્યુંજ નહિ પણ તેમણે તો ઉલટું શુસીલાનું આ કહેવું તિરસ્કારી કાઢયું. આપણે આગળ જણાવી ગયા તે પ્રમાણે કમળાનું શરીર પણ પિતાના આવા સ્વાર્થી વિચારોથી તથા પોતાનું શું થશે તે વિચારોથી સુકાતું હતું ને તે ઘણીજ ઉદાશ રહેતી હતી તોપણ બિચારી માતા શું કરે, માતાની દીકરીને ગમે તેટલી સુખી કરવાની ઇચ્છા હતી પણ તે શું કરે ! તોપણ હવે કમળા મુસાફરીએ જવાની છે માટે તેણે તેને મળવાની અગત્ય ધારી તેના ઓરડામાં ગઇ તરતજ કમળાના મધુર સ્વરથી માતાજીને આવકાર મળ્યો. " પધારો માતાજી. "

"દીકરી કમળા તારૂં શરીર દિનપ્રતિદીન સુકાતું જાય છે તેની દવા પણ તું લેતી નથી ને આમને આમ દરરોજ તું શાની ચિંતા કરે છે."

"માજી, મારાં દયાળુ માજી, આપ જાણો તો છોજ કે મારા હૃદયમાં શી ચિંતા છે-"

"દીકરી મારી વહાલી દીકરી ! હું જાણું છું કે :તારા પિતા તને એક વૃદ્ધ વર સાથે પરણાવવાના છે તેની તું ચિંતામાં છે. તેમને મેં આમ ન કરવા ઘણુંએ સમજાવ્યા પણ તે તો એકના બે થતા જ નથી તો હવે હું શું કરૂં ! દીકરી તને તારા પિતા આ દુ:ખમાં નાંખે છે તેથી. મારૂં હૃદય ઘણુંજ બળે છે પણ શું કરૂં. સત્તા આગળ શાણપણ શા કામનું." આમ કહી શુસીલા રડી પડયાં.

"માતાજી આમ ઉદાશ ન થાઓ, જે થવાનું હશે તેજ થશે, જો મારા લલાટે વિધાતાએ એજ વર સાથે પાનું પાડયું હશે તો મારૂં વેવીશાળ તેની સાથેજ થશે ને લલાટે લખ્યું નહિ હોય તો નહિજ થાય, માજી ઇશ્વિર જે કરે છે તે સારા સારૂંજ કરે છે આમ દીલગીર ન થાઓ."

"દીકરી તે બધું ખરૂં પણ દેખાતી આંખે કુવામાં પડાય ખરૂં તે વૃદ્ધ છે મરણ અવસ્થાએ પહોંચેલા છે ને તેમની જોડે તારૂં વેવી-શાળ કરી તને કુવામાં નાંખવી તે મને યોગ્ય ગણાય?" માતાએ રડતે સાદે કહ્યું.

"માજી તે બધું ખરૂં પણ તમે તમારાથી બનતું કર્યું છે પણ હવે તમારો કશો ઉપાય નથી તો તમે શું કરો ! હવે તો હું મારા દુ:ખી થએલા જીવને થોડીક મુદત તિર્થયાત્રા કરી, મુસાફરી કરી શાન્તિ આપવા ઇચ્છુછું તો આશા છે કે મને આર્શીર્વાદ આપશો."

" દીકરી શું મુસાફરીમાં જવાથી તારા મનમાંથી આ વ્યાધી નીકળી જશે ! શું મુસાફરીએ જવાથી તને તારા પિતા સારા ભણેલાને યુવાન વર સાથે પરણાવવાના વિચારો કરશે. "

" માજી ! તે વાતનો કંઈ હરખ શોક નથી. ભલે મને વૃદ્ધ સાથે પરણાવે તેની મને દરકાર નથી પણ તેઓ પોતે સ્વાર્થદ્રષ્ટિ રાખી મને કુવામાં નાંખે છે તેથી જ મને ખોટું લાગે છે. હું સમજુંછું કે માબાપની આજ્ઞા પાળવી પણ તે જો નિસ્વાર્થ દ્રષ્ટિએ મને સુખી કરવાની ખાતર જ તે વૃદ્ધ સાથે પરણાવે તો તેમ કરવા હું ખુશીછું કેમ કે આપણી પ્રથમની સતિઓએ પણ માબાપની આજ્ઞા પાળવાને ખાતર વૃદ્ધ પતિ સ્વીકારી લીધાના દાખલા મોજુદ છે. "

" દીકરી તે બધું ખરૂં પણ હવે તું મુસાફરીમાં જઈ શું કરીશ ? "

" માતાજી ! માતાજી ! તમે મારે માટે ઘણું ખમ્યું છે ને હજુ પણ તમે મારે માટે જે કંઈ લાગણી રાખોછો તેથી હું આપની અત્યંત આભારી છું તમે પૂછો છો કે મુસાફરીમાં જઇ તું શું કરીશ ? કરવાનું શું ! શુ કરૂં ! જેનું દુનિયામાં કોઇ નહિ તેનો ભગવાન છે ! માબાપ જ્યારે મારાં વેરવી થશે ને મને દુઃખમાં નાંખશે તો તેવા દુઃખમાં પડી જીંદગી એળે કાઢવા કરતાં તો આ સંસારમાં પવિત્ર પણે સાધુજીવનગાળી લોકપરોપકારમાં જીંદગી વ્યતિત કરવી એ હું હજાર દરજજે શ્રેય ધારૂં છું. માતાજી જો મારા પિતાના વિચારોમાં ફેરફાર થશે તો ઠીક છે નહિતર હું તો છેવટે ઉપરના નિશ્ચયપર રહી મારી આર્યદેશની બાળાઓના હિત અર્થે નિસ્વાર્થે મારી જીંદગી પુરી કરીશ. "

"દીકરી તારા આ વિચારો મારા હૃદયને દાહ લગાડે છે! શું મ્હારી વહાલી દીકરી તું જતીજ રહીશ! મને નહિ જ મળે! દીકરી જરા સમજ આપણા અનસૂયા માતા કહે છે કે સ્ત્રીઓનો ઉદ્ધાર તો પતિ સેવાથી જ થાય છે. સ્ત્રીએ જ્યાં સુધી પતિની સેવા કરી તેમને રીઝવ્યા નથી ત્યાં સુધી તેને સ્વર્ગમાં જવાનો બિલકુલ અધીકાર નથી તેટલું જ નહિ પણ તેને મુનિવરો પણ શ્રેષ્ટ ગણતા નથી માટે જ્યાં સુધી તેં પતિને રીઝવી સંસાર સુખ ભોગવ્યું નથી ત્યાં સુધી તું ગમે તેટલી લોક હિતાર્થે તારી જીંદગી પુરી કરીશ તો પણ તારી મુક્તી થવાની નથી."

"માજી મારાં વહાલાં માજી! હું શું કરૂં! જ્યારે આપ મને આવી મહાન સતિઓનાં વચનો યાદ આપો છો તે હું કબુલ કરૂં છું તો આપ મને રસ્તો બતાવો તે પ્રમાણે, હું કરૂં. જો આપ કહેતાં હોતો હું તે વૃદ્ધ વરની સાથે જ વિવાહીત થાઉં અથવા તમે જ જો બીજો મારા લાયક વર શોધી કાઢી મારો વિવાહ તે સાથે કરો તો તેમ કરૂં પણ હવે તો મને તમે જ રસ્તો બતાવો."

દીકરી, તારા પિતા કરતાં તારા માટે મને કંઇને કંઈ વધુ લાગણી થાય એ સ્વાભાવિક છે! તને પાળી પોષી મોટી કરી, લાડ લડાવી ઉછેરીને હવે મારાથી તને એ મરણને શરણ જેવાને સાથે કેમ કરી પરણાવાય, દીકરી તું નક્કી માનજે કે મારી આ જીંદગી જ્યાં સુધી હયાત હશે ત્યાં સુધી તો હું તને કદી પણ એ વૃદ્ધની સાથે તારૂં લગ્ન થવા દેનાર નથી. ધિક્કાર હજો એ ડોસાને કે જે મરણને શરણ થવાની તૈયારીમાં છે છતાં પણ તારા જેવી બાળાનો ભવ બગાડવા તૈયાર થયો છે! અરે તેને તો શું પણ તે માબાપોને પણ ધિક્કાર હજો કે જે માબાપો પોતાની પુત્રીને નાનપણમાં લાડ

લડાવી, પાળી પોષી, મોટી કરી, ને પછી તેને કસાઇની પેઠે ગમે તેવા વર સાથે પરણાવી દઇ બિચારી બાળકીનો મનખો બગાડે છે. દીકરી તું ડરીશ નહિ હું કદી પણ તને તે વર સાથે નહિ જ પરણાવું. તારા પિતા જો સીધે રીતે નહિ જ માને તો હું તારાં છાની રીતે પણ આપણી જ્ઞાતિના કોઇ સારા ને કુળવાન ગૃહસ્થ સાથે તારાં લગ્ન કરી દઇશ. દીકરી કમળા તારે માટે મેં આગમચથી એક વર પસંદ કર્યો છે પણ તે ગરીબ સ્થીતિનો છે. પણ તે ભણેલો ને કુળવાન છે તે આપણા ગામનો જ છે ને તેમનું નામ નટવરલાલ છે. ને તે હાલ મુંબાઇમાં બી. એ. કલાસમાં અભ્યાસ કરે છે. તેને તું ઓળખતી તો હઇશ " માતાએ ગુસ્સામાં કહ્યું.

કમળા જેની સાથે વરવાનો દ્રઢ સંકલ્પ કરી બેઠી છે તેની જ સાથે પોતાની મા પણ પરણાવવા માગે છે તેથી તે ઘણી ખુશી થાય છે પણ તે ખુશી મનમાં જ જણાવી નમ્રપણે બોલી માજી હું તેમને ઓળખું છું તેઓ હાલ કંઈ કારણસર અહીંઆ આવેલા છે તે જ કે ની.

" કમળા તે શું હાલમાં અહીંઆં આવેલા છે ! "

" તેમને મેં થોડા દિવસ ઉપર દેખ્યા હતા. "

" કમળા જો તું મારૂં કહ્યું માનતી હોય તો હાલ થોડા દિવસ મુસાફરીએ જવાનું મુલત્વી રાખ. "

કમળાના મનમાં સારી આશા ઉદ્ભવી તેથી તેણે તરત જ ધીમેથી કહ્યું કે માંજી જો આપની આજ્ઞા તેમ છે તો હાલમાં હું નહિ જાઉં.

શુસીલા થોડીકવાર વાતો કરી કમળાના ઓરડામાંથી ચાલી જાય છે.

પ્રકરણ ૬ ઠું.

નટવરલાલ ને શુસીલા.

શુસીલાએ નટવરલાલને પોતાના ઘેર બોલાવી તમામ હકીકત જાહેર કરવી ધારી તથા છેવટે કમળાને તેની સાથે ગમે તેમ કરી પરણાવવાનો પણ નિશ્ચય કર્યો તેને નટવરલાલને કોઇની સાથે બોલાવવા મોકલ્યું. નટવરલાલ પોતે જાણતો જ હતો કે, કમળાની માતા ને કમળા મને ચાહે છે તો પણ અજાણ્યો હોય તેની પેઠે તે કહેવા લાગ્યો મને તમે બોલાવ્યો હતો.

શુશીલાએ એવે દિવસે સંદેશો કહાવ્યો હતો કે જે દિવસે લક્ષ્મીનંદન શેઠ બહાર જવાના હોય જ સુશીલાએ નટવરલાલને દેખતાં જ માન સાથે બોલાવ્યા.

"કેમ નટવરલાલ ખુશીમાં તો ખરાને."

"હાજી."

"અત્રે કેટલા દિવસ થયાં આવ્યાં છો."

"લગભગ ૧ માસ થયાં."

"તમારો અભ્યાસ હાલમાં કેવો ચાલે છે."

"હાલમાં અભ્યાસ સારો ચાલે છે ને ઇષ્ટ કૃપા હશે તો આ સાલ બી. એ. માં પાસ થાઉં તેમ જણાય છે."

"હાલમાં કેટલા દિવસ રહેવાનું છે."

"લગભગ ૧ માસ રહેવાનું થશે."

"તમારી પેલી સ્થાપન કરેલી સંસ્થાનું શું થયું તમે તેમાં મેમ્બર છો કે નહિ!"

" કેઇ. "

" કન્યાવિક્રય નિષેધક મંડળી. "

" હા ! હા ! તે તો ચાલે છે. ને તેમાં હું મેમ્બર પણ છું. ને આવતી કાલે તે મંડળી તરફથી એક લેક્ચર પણ થનાર છે જે વખતે કન્યાવિક્રયના પાસમાં સપડાયલી કન્યાના કલ્પાંતો તથા બીજાં કન્યાવિક્રય નાબુદ થાય તેવાં વિવેચનો પણ થનાર છે. "

" તમારા લગ્ન સંબંધમાં હાલ કંઇ ખટપટ ચાલે છે. "

" કંઇ નહિ "

" તમે અભ્યાસ કયાં સુધી કરવા ધારો છો "

" આવતી સાલથી અભ્યાસ બંધ કરવા વિચાર છે તમારી કમળાએ કયાં સુધી અભ્યાસ કર્યો છે " અજાણ્યો હોવાનો ઢોંગ કરી પૂછયું.

" તેણે તો થોડો ઘણો તેના ગૃહ કાર્યમાં ઉપયોગી થઈ પડે તેટલો કર્યો છે "

" તેનું વેવીશાળ કરવા વિચાર છે "

" હવે થોડા દિવસમાં કરવું તો પડશે જ ને કારણ કે તે ઉ-
મર લાયક થઇ છે "

" કોની સાથે વેવીશાળ કરવા વિચાર છે "

" હજુ કંઈ નક્કી નથી "

" મારા સાંભળવામાં એમ આવ્યું હતું કે તેનો વિવાહ પેલા પ્રેમચંદ કાકા કે જેમની નવી સ્ત્રી હમણાં ગુજરી ગયાં છે તથા જે ઘરડા લગભગ ૫૦ વર્ષના છે તેમની સાથે કરવાનો છે "

" હા......તેના પિતાનો વિચાર તેવો છે તો ખરો. પણ મારો વિચાર તો તેને કોઈ ભણેલાગણેલાને કુળવાન યુવાન સાથે પરણ-

વવાનો છે પણ શું કરીએ નટવરલાલ! તેના પિતા કોઈનું કહ્યું માનતા નથી મારૂં અંતઃકરણ ઘણું બળે છે પણ શું કરીએ."

"તમારી દીકરીનું સારૂં થાય તે માટે તમારે તમારાથી બનતું કરવું જ જોઇએ પણ તમો બનતા ઉપાય કરો છતાં તેના બાપ ન માને તો તેમાં તમે શું કરો"

"નટવરલાલ! મેં એક વિચાર કર્યો છે કે તેના બાપ ન માને તો કમળાનો વિવાહ બીજા કોઈ સારા વિદ્વાન ને યુવાન નર સાથે કરી દેવો પણ અમારાં બૈરાંની પક્ષમાં કોણ આવે"

"એ તો ખરૂં જતો"

"તમે આવો કે ન આવો"

"શા માટે નહિ, આ દેહજ પરમાર્થ માટે સરજેલો છે, પરોપકારના કાર્યમાં દેહ અર્પણ કરવો એ સજ્જન પુરૂષોનો ધર્મ છે જો તમારી દીકરીને તે વૃદ્ધના હાથમાંથી બચાવી તમે તેને યોગ્યવરને પરણાવવા ખુશી હશો તો હું તેમાં તમને બનતી મદદ કરીશ."

"લાવો જો વચન"

"વચન છે!"

"નટવરલાલ તમારી પરોપકારવૃત્તિથી હું તમને ધન્યવાદ આપું છું તેમજ તમારી કેળવણીને પણ લાખો ધન્યવાદ આપું છું કે તમે કેળવણી લઈ આવા પરોપકારના કાર્યમા પોતે લાજ આબરૂનું ભાન ન રાખતાં દેહ ઝંપલાવો છો. શું કહું! ખરૂં જ કહું તો મારી દીકરી કમળાનો હાથ હું તમારા જ હાથમાં આપવાની છું તે તમે સ્વીકારશો ખરાકેની!

"આપની મરજી તેવીજ હશે તો હું તો વડીલની આજ્ઞા પાળીશ પણ તેથી કરી બહાર તમારૂં ને મારૂં ખોટું દેખાશે"

"મારૂં શું ખોટું દેખાશે ? મે શું અન્યાય કર્યો છે ! શું ત્યારે મારી દીકરીને હું એવા કુવામાં ધકેલી દઉં કે જેથી કરી તે કદી સુખી થાય જ નહિ"

"ના, ના, મારૂં કહેવું તેમ નથી પણ તમે લક્ષ્મીનંદનથી કંઈ વિરૂદ્ધ કૃત્ય કરો તે શાસ્ત્રથી તો વિરૂદ્ધ જ ગણાય ને"

"ત્યારે શું કરવું તે તમે જ બતાવો"

"સાંભળો, આવતી કાલે પેલી કન્યાવિક્રય નિષેધક મંડળીમાં જે લેક્ચર થવાનાં છે તેમાં હું મારા કેટલાક મિત્રોને સમજાવી તેમને પ્રમુખસ્થાન અપાવીશ ને પછી તેમને કન્યાવિક્રય ઉપર અભાવ થાય તેવાં લેક્ચરો કલ્પાંત સાથે રજુ કરાવીશ"

"તે છતાં તેમનું હૃદય નહિ જ પલળે તો."

"પછી સૌ સારૂં થશે હાલતો જુઓ"

"ઠીક ત્યારે કાલે તમે ગમેતેમ કરી સભામાં આમંત્રણ કરીને તેમના તથા બીજા પણ બાળાને દુખમાં પરણાવવી અટકે તેવાં લેક-ચરો કરાવી હૃદયમાં ઉંડી અસર થાય તેમ કરજો."

"હું મારાથી બનતું કરીશ હવે રજા લઇશ"

પ્રકરણ ૭ મું.

કન્યાવિક્રય નિષેધક મંડળી કે શેઠના હૃદયની કુંચી.

આજના જમાનામાં પાશ્ચાત્ય કેળવણીના પ્રભાવથી દુનિયામાં હરેક મંડળો ઉભાં થાય છે. તેમાં કેટલાંક મંડળો તો એવાજ હેતુથી ઉભાં થાય છે કે જેથી કરી ધર્મની પડતી અટકાવાય છે તથા ગ-રીબ અને નિરાધારને મદદ પણ કરી શકાય છે, કેટલાંક મંડળો જાહે-

રનું હિત કરવાને ઉભાં થાય છે ત્યારે કોઈ કોઇ ગામમાં, તો કોઇ અમુક જ્ઞાતિમાં હિત કરવાને ઉભાં થાય છે. તેવીજ રીતે આ ગામમાં પણ કેટલાક કેળવાયલા પણ કેળવણીનો સદુપયોગ કરનાર સજ્જન પુરૂષોના પ્રયાસથી કન્યાવિક્રયનો ખરાબ રિવાજ નાબુદ કરવાને એક મંડળ સ્થાપન થયું હતું જેના તરફથી વખતોવખત જાહેરમાં કન્યાવિક્રય નાબુદ થાય તે માટે લેક્ચરો કરવામાં આવતાં હતાં, જેના તરફથી આજે પણ જાહેરમાં લેક્ચરો થવાનાં હતાં, મંડળના સંસ્થાપકો આનંદમાં આમથી તેમ દોડાદોડ કરતા હતા, ને કન્યાવિક્રય કરનારને ટેકો આપનાર પક્ષને તેમાં આમંત્રણ કરી લાવતા હતા.

આપણી વાર્ત્તાના નાયક કમળાના પિતા લક્ષ્મીનંદન શેઠ જો કે સાધારણ સ્થીતિના હતા પણ ગામમાં તેમની આબરૂ ઘણી સારી હતી એટલે તેમને ભાવે યા કભાવે પણ વખતોવખત આવી જાહેર સભામાં હાજર રહેવુંજ પડતું તેથી તેઓ આવા મંડળોમાં કેમ વર્ત્તવું તે પણ જાણતા હતા. ને તેમની આજની સભામાં પણ આમંત્રણ થવાથી આવવું પડ્યું હતું.

લગભગ સાંજના છ વાગ્યાના સમયે લેક્ચર હોલ ચીકાર ભરાઇ ગયો ત્યારબાદ મી. નટવરલાલે શેઠ લક્ષ્મીનંદનને પ્રમુખસ્થાન આપવા માટે દરખાસ્ત મુકી જેને ઘણા મતે ટેકો મળવાથી લક્ષ્મીનંદન શેઠને પ્રમુખસ્થાન સ્વીકારવા ફરજ પડી ત્યારબાદ ભાષણોની શરૂઆત થઇ.

પ્રમુખસ્થાને બેઠેલા શેઠ લક્ષ્મીનંદન મનમાં વિચારવા લાગ્યા કે અરે ! હું જ કે જે કન્યાવિક્રય કરવા તૈયાર થયો છું, અરે મારી શુસીલને સુકોમળ કમળાનો હાથ પેલા પ્રેમચંદ શેઠને આપવા તૈયાર

થઇ કમળાની જીંદગી ધુળમાં મેળવવા તૈયાર થયો છું તે જ આ સભાનો પ્રમુખ !!! અરે ધિક્કાર હજો મને કે મારા હૃદયમાં કમળાના બદલે પૈસા લેવાની દાનતે વાસ કર્યો છે, બિચારી કમળાના કલ્પાંતને પણ ન સાંભળ્યું, શુસીલાના બોધને પણ તિરસ્કારી કાઢ્યો એવા મારા પાપી લોભને ધિક્કાર હજો ! બસ ! હવે ગમેતેમ થાય પણ કમળાને કોઈ સારા વિદ્વાનને યુવાન મુરતીઆ સાથે અત્યારે ને અત્યારે જ પરણાવી દઉં ! ભલે હું કન્યાવિક્રયના પૈસાથી ધનવાન નહિ થાઉં ! કન્યાવિક્રયના પૈસાથી ઘીભરી રોટલી જમવા કરતાં સુકો રોટલો ખાઇ મારૂં પેટ ભરીશ તે હું હજાર દરજ્જે ઉત્તમ માનીશ ! હે ! આ સુધારક મંડળીના સંસ્થાપકો, તમારૂં પણ કલ્યાણ થજો કે તમે મને આ સભામાં આમંત્રણ કરી પ્રમુખસ્થાન આપ્યું નહિતર હું નક્કી મારી કમળાનો વિક્રય કરી મહાનપાતકી બની નર્કનો અધિકારી થાત.

શેઠ આવા વિચાર મનમાં કર્યા કરે છે તેવામાં વળી લેકચરોના હૃદય વેધક વાક્યો, તથા બાળાઓના વિલાપનાં બનાવેલાં કાવ્યો, રંગબેરંગી દુઃખદર્શક છબીઓ, જોઈ, સાંભળી શેઠનું મનતો એવું બદલી જ ગયું કે કમળાનો વિવાહ અત્યારે જ અહીંથી જઇ ગમે તેવા યુવાન સાથે કરી દઈ તેને સુખી કરૂં.

છેવટે રાતના આઠ વાગ્યા, તમામ ભાષણો થઈ રહ્યાં પછી શેઠે પણ કન્યાવિક્રયની વિરૂદ્ધ એક એવું સરસ ભાષણ આપ્યું કે જે સાંભળી નટવરલાલ તો તદ્દન આભાજ બની ગયા કે જે શેઠ કન્યાવિક્રય કરવા તૈયાર છે તે જ શેઠના કન્યાવિક્રય પ્રતિ આવા વિચારો છે શું શેઠના મનને કંઈ લાગણી થઈ હશે ! હશે ! જે હશે તે જણાશે.

રાતના આઠ વાગ્યા પણ હજુ લક્ષ્મીનંદન શેઠ કેમ ન આવ્યા તેના વિચારમાંને વિચારમાં કમળા તથા સુશીલા મેઢાની બારીએ રાહ જોતાં બેઠાં છે લક્ષ્મીનંદનના આવવાની રાહ જોવા કરતાં તો તેમના વિચારમાં કંઇ ફેર પડયો કે કેમ તે સાંભળવાને તે વધારે ઉત્સુક હતાં તેવામાં લક્ષ્મીનંદન શેઠ આવી પહોંચ્યા.

માણસના હૃદયમાંથી જ્યારે પાપી વિચારો નષ્ટ થઈ સારા વિચારો દાખલ થાય છે ત્યારે હમેશાં તેના ચહેરા ઉપરપણ જુદીજ તરેહની અસર થાય છે. તેવીજ રીતે જે લક્ષ્મીનંદન શેઠ દરરોજ કમળાને તથા સુશીલાને દુશ્મન સમ લાગતા હતા તેજ લક્ષ્મીનંદન શેઠના ચહેરાપર આજે જુદાજ પ્રકારની ખુશાલી જણાતી હતી.

લક્ષ્મીનંદન શેઠ ઘરમાં પણ કોઈની સાથે કદી બોલતા નહિ તેમણે આજે ઘરમાં આવતાની સાથેજ કમળાને પ્રેમ ભર્યા શબ્દોથી પુછયું કેમ બેટા કમળા આજે તમોને જમવાનું મોડું થયું ખરૂં !

" પિતાશ્રી કંઇ નહિ " કમળાએ પિતાના પ્રેમ ભર્યા શબ્દથી આનંદમાં ગરકાવ થઇ કહ્યું.

" કમળા ત્યારે જરા પાણી લાવો, ચાલો હાથ પગ ધોઈ જમી લઇએ. " કમળાએ પાણી આણી આપ્યું. શેઠ જમવા બેઠા જે શેઠ દરરોજ એકલાજ જમતા હતા તે જમતી વખતે પણ ઉદાશમાં ને ઉદાશમાં રહેતા હતા કોઈની સાથે બોલતા પણ નહિ ને બારોબાર જમી ચાલ્યા જતા તેમણે આજે કમળાને પ્રસન્ન ચહેરે કહ્યું દીકરી કમળા જમવાનું મોડું થયું છે માટે તને પણ ભુખ લાગી હશે, ચાલ, મારી સાથે તું પણ જમી લે.

સૌ જમીરહ્યા પછી શેઠ દરરોજ દુકાને જતા હતા પણ આજે તો દુકાને નહિજ જતાં સૌ સાથે વાર્ત્તાલાપમાં પડયા.

શેઠ શુશીલા આગળ કમળાના વિવાહની વાત કાઢી બોલ્યા કે–વહાલી આજે હું આપણા ગામમાં સ્થાપિત થએલી કન્યાવિક્રય નિષેધક મંડળી તરફથી જાહેરમાં લેક્ચર હતું તેમાં ગયો હતો તેમાં થએલાં લેક્ચરો એવાં તો પ્રશંસાપાત્ર ને બોધદાયક હતાં કે મારા જેવાને તો શું પણ કન્યાવિક્રય કરવા માટે દ્રઢ સંકલ્પ કરી બેઠેલા માબાપના હૃદયને દુઃખ ઉત્પન્ન કર્યા વગર રહે નહિ. ખરેખર માણસનાં મન એવાં છે કે તે ગમે તે માર્ગે પછી તે સારો હોય યા ખોટો હોય તોપણ તે માર્ગે મમત કરી વહન કર્યા કરે છે પણ તેવાને કુમાર્ગેથી જતા અટકાવવાને ઉપદેશ કોની જરૂર છે, આ મંડળે ઘણું જ સરસ રીતે કામ કરી બતાવ્યું છે જે મારા પોતાના ઉપરથી મને જણાય છે. હું પણ આ મંડળના બોધથી પાપના ખાડામાંથી પડતો બચ્યો છું, હવે મારા વિચારો તદન ફરી ગયા છે, દીકરી કમળા આવ બેસ! આજ સુધી હું તારૂં ભક્ષણ કરનાર રાક્ષસ હતો પણ હવે તારો પ્રેમાળ પિતા થયો છું, દીકરી ડરીશ નહિ હોં! હવે તને પેલા ઘરડા સાથે નહિ પરણાવું! હવે હું તને સારા વિદ્વાન, યુવાન અને કુળવાન પતિ સાથે પરણાવીશ હવે તારા બદલે મારા મનમાં પૈસા લેવાની! અરે તે પૈસાથી મોજમાણવાની જે રાક્ષસી ઇચ્છા હતી તે તદન નષ્ટ થઇ છે તેટલું જ નહિ પણ હવે તારા ઘરનું પાણી પણ ન પીવાની મેં દ્રઢ પ્રતિજ્ઞા કરી છે. કમળાને પાસે બેસાડી, કમળા મનમાં આનંદ માનતી બેસી રહી, શેઠ સુશીલાભણી જોઇ કહેવા લાગ્યા વહાલી હવે આ કમળાને માટે કોઈ સારો વિદ્વાન ને યુવાન વર શોધી કાઢો કે જેથી કરી તેની સાથે તેને પરણાવવાથી તે સુખી થાય.

" પ્રાણનાથ ? દીકરીના વેવીશાળની બાબતમાં તો માબાપ ૫-

ફક્ત દલાલ રૂપે જ છે દીકરીને સારે ઠેકાણે પરણાવવી એ માબાપની ફરજ છે."

"વહાલી! હવે મને ભાન આવ્યું છે. ને હવે હું સમજું છું કે દીકરીને સારે ઠેકાણે પરણાવવી જ જોઇએ. દીકરી તે શું! તે બિચારીને ગમે તેવે ઠેકાણે માબાપ પરણાવે તેવે ઠેકાણે તે જાય, કહ્યું છે કે "દીકરીને ગાય દોરે ત્યાં જાય" માટે હવે આપણે તેને કયે ઠેકાણે પરણાવવી જેથી તે સુખી થાય"

"પ્રાણનાથ! આપણી જ્ઞાતિના નટવરલાલ કે જેઓ સારા કુળવાન છે તેમ જ તેઓ કેળવણી પણ પામેલા છે તેમને આપવાથી તે સુખી થશે એમ મારૂં તો માનવું છે."

"પણ તે તો હાલ જ્ઞાતિ બહાર છે નહિતર તેમને આપવાને હું રાજી છું."

"તેમને જ્ઞાતિ બહાર મુકવાનું કારણ તો એજ છે કે તેમની પાસે એક જ્ઞાત બાકી છે તે જો તે કરે તો તેમને જ્ઞાતમાં લેવાનો ઠરાવજ છે."

"તો પછી તેમને સમજાવી તે જ્ઞાત કરી દેવરાવીએ તો."

"સારૂં."

"વહાલી! મારી સુકોમળ કમળાને માટે હું કેવા ઘાતકી વિચારો કરતો હતો. કમળા! કમળા તું પણ મને મારી થએલી ભુલને માટે માફ કરજે ને હવે સુધરેલા વિચાર બદલ મંડળનો આભાર માનજે. શુશીલા તરફ નજર કરી શુશીલા અત્યારેજ તે નટવરલાલને બોલાવ કે જેથી કરી તેમની સાથે સગપણ કરી દઇએ."

"બહુ સારૂં."

નટવરલાલને તેડવા મોકલ્યું. નટવરલાલ આવ્યા તેમને ચાંલ્લો

શેઠે સ્વહસ્તે આનંદથી કર્યો. તથા નટવરલાલ પણ તે બદલ શેઠનો આભાર માનવા લાગ્યા. રાત્રિ વધુ ગયેલી હોવાથી કમળા તરફ સ્નેહ ભરી નજર નાંખી શેઠની રજા લઈ નટવરલાલ વિદાય થયા. તથા આ ત્રણે જણાં પણ વિખુટાં થઈ સુઇ ગયાં.

પ્રકરણ ૮ મું.

કમળાનાં લગ્ન તથા સગાંસ્નેહીની શીખામણ.

લક્ષ્મીનંદન શેઠે હવે કમળાના વિવાહની તૈયારીઓ કરવા માંડી લોકોમાં પણ શેઠના વિચારોમાં થએલા ફેરફારને લઇને વાહવાહ બોલાવા લાગી. દિવસોપર દિવસો વિતવા લાગ્યા, લગ્નના દિવસો પણ નજીક આવવા લાગ્યા, ઉભય ઘેર લગ્નની સામગ્રીઓ તૈયાર થવા માંડી છેવટે લગ્નના બે ચાર દિવસ રહ્યા એટલે માંડવો, ગણેસ વગેરે બેસાર્યાં લગ્નના શુભ મુહુર્તે દંપતિ સુખરૂપે પરણી ઉતર્યાં.

આહા ! ઇશ્વરની શું કુદરત જે કમળાના બાપ કમળાને એક મડા સાથે પરણાવવાને તૈયાર હતા તેજ બાપ આજે પોતાની યુવાન દીકરીને એક યુવાન ગૃહસ્થ સાથે પરણાવી કેટલા આનંદીત થાય છે. તથા પોતે બીજાને પણ આ પ્રમાણે કરવા બોધ આપે છે.

દીકરીને સાસરે વળાવતી વખતે શુશીલા કમળાને બોધ આપે છે " દીકરી, તું હવે આજથી અમારી મટી પરની થઇ છે, આજથી પુત્રી મટી વહુ થઈ છે, લાડકી મટી ગૃહીણી થઈ છે એટલે તારે તારા ઘરમાં કેવી રીતે રહેવું, કુટુંબીઓ પ્રત્યે કેવી રીતે વર્ત્તવું તે શીખવાનું છે. મારી વહાલી દીકરી ! ઇશ્વરે તને તારી ધારણાનું વર

આપેલું છે, તું ડાહી થઈ તારા સસરાના તથા અમારા ઉભય કુળને દીપાવજે, સીતા, દમયંતી, તારા, દ્રૌપદી જેવી પતિના દુઃખમાં ભાગ લેનારી થજે, પતિની આજ્ઞા માનજે, તેને પ્રભુ તુલ્ય ગણી સેવા કરજે, નિંદાકુથલીમાં વખત ન ગાળતાં ભરત શિવણનાં કાર્યોમાં વખત ગાળજે, પતિની આજ્ઞા સિવાય કોઇ પણ કાર્ય કરીશ નહિ, પત્ર લખતી રહેજે તું સમજુ છે, ઝાઝું શું કહું તોપણ છેવટે કહું છે કે.

"શાણી સદ્‌ગુણી શોભા વધારજો"
"તમે કુલીન કેરાં બાળ," બેની સુણી શીખ આ.
"પતિ સંગે રહો નિત્ય પ્રેમથી"
"રાખી એક પતિવ્રત ટેક" (બેની) ૧
"સત્ય વચન ભુષણ એક મન તણું"
"સ્વામી સેવા ખરો શણગાર" (બેની) ૨
"સ્વામી સુતા પછી સેંજ સેવજો"
"સ્વામી પહેલાં ઉઠો થૈ તૈયાર" (બેની) ૩
"જમ્યા પછી જમો નિજ નાથની"
"બેની પતિને ન દેશો દુઃખ" (બેની) ૪
"પરનરને નેત્રે નવ નિરખશો"
"નવ હાસ્ય કરો તે સાથ" (બેની) ૫
"શિયલ રત્ન સદાશાણી સાચવો"
"રહી પતિ સેવામાં તૈયાર" (બેની) ૬
"સાસુ સસરાને સેવો સ્નેહથી"
"લેજો અંતરની આશીષ" (બેની) ૭
"પુત્રી પિયર તણું સુખ છોડજો"
"કરજો સ્વામીના દુખમાં ભાગ" (બેની) ૮

" બેની આશીષ દઉંછું ઉમંગથી "

" થાઓ દંપતિનું કલ્યાણ " (બેની) ૯

દીકરી છેવટે તમારૂં કલ્યાણ થાઓ એજ આર્શિવાદ આપું છું જો તારી સખી ચંદ્રાવતી બોલાવે છે તેને ભેટી લે. ચંદ્રાવતી ગદ્ ગદ્ કંઠે બોલી બેન, કમળા ? તારો વિયોગ અમોને ઘણો જ દુખ-કારક થઈ પડશે પણ બેન, આપણે તો પારકા ઘરનું જ ધન છીએ, દીકરી તો સાસરે જ શોભે, બેન અમારૂં હેત વિસારીશ નહિ, પત્ર લખતી રહેજે પત્રમાં ઘરની હકીકત કોઇને જણાવીશ નહિ, ઉભય કુળને દીપાવે એવી રીતથી સૌ સાથે સંપીને ચાલજે બેન છેવટે તને કહું છું કે:—

" સાસરીએ જાતાં બેની, શીખામણ આપું છું "
" ડાહ્યાં છો તો એ બેની, ફરજ બજાવું છું "
" સાસુ તારાંને બેની, માતા સમ ગણજે બા "
" સસરાને પિતા માની, વચન ઉચરજે બા "
" જેઠ જેઠાણી ને તું, વડીલ જ ગણજે બા "
" મુરબ્બી માનીને તું, વર્તન કરજે બા "
" દીઅર તારાને બેની, ભાઇ ભાઇ કરજે બા "
" દેરાણી બેની ગણી, વશ તું તો કરજે બા "
" નણંદ તારાં જો બેની, વટકારાં હોયે બા "
" કળાથી વશ કરીને, અતિ સુખ લેજે બા "
" સર્વ સગાની સાથે, સંપ તું કરજે બા "
" પાડોશી સઘળાં સાથે, ઠીક વરતજે બા "
" પતિ તારાને બેની, પ્રભુ તુલ્ય ગણજે બા "
" આજ્ઞાઓ સઘળી પાળી, મહા સુખ લેજે બા "

" સુતા પહેલાં ન સુતી, ઉઠતાં તું ઉઠજે બા "
" જમતા પહેલાં ન જમતી, નમ્ર ઉચ્ચરજે બા "
" ગુસ્સે થાએ કદી તો ગુસ્સો નવ કરજે બા "
" દીન થઇ કરગરી તેને, માફી તું લે જે બા "
" સર્વ કુટુંબી સાથે, સુખ મહા માણો બા "
" પતિને આનંદિત કરીને, લો સુખ લ્હાણો બા "
" સારી સ્વાદિષ્ટ કરી, રસોઈ સુખ આપો બા "
" ઘરના ધંધાની માંહી, ચિત્ત પ્રોયું રાખો બા "

બેન હવે તને ડાહીને હું વધું શું કહું જો પણે તારાં મામી રૂક્ષ્મણી તારી વાટ જુએ છે તેને મળી લે, રૂક્ષ્મણી કહેવા લાગ્યાં બેન કમળા ! તમે સાસરામાં રહીને સર્વની પ્રીતિ સંપાદન કરજો, સાસરામાં દુઃખ પડે તો પણ પિયરનું સુખ યાદ કરીને ગભરાશો નહિ. દીકરીને ઠરવાનું ઠેકાણું સાસરૂંજ છે. બહેન, સાસુ–સસરા વિનાના ઘરમાં જવાનું છે માટે ઘરની લાજ આબરૂ પણ તમારે માથે છે તો ડાહ્યાં થઇ વર્ત્તજો. બહેન ! સુખ દુઃખની વાત મનમાંજ સમજજો, ઘરની વાત કોઈની આગળ કરશો નહિ. અમોને પત્ર લખતાં રહેજો, માબાપને પત્રમાં સાસરામાં પડતા દુઃખની વાત લખવી નહિ કારણકે તેથી માબાપને દુખ થાય, શિયલ એજ સતી સ્ત્રીઓનું ધન છે માટે તે સાચવજો. છેવટે કહું છું કેઃ—

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને) રાગ.

કમળા બેની ! પ્રીત ધરીને શ્રવણ કર
શિયલપણામાં અતિશે દીસે લાભ જો
પતિને પુજ્ય સ્વરૂપ ગણીને પુજવા
એ થકી વધશે તમકુળ કેરી લાજ જો. કમળા !

સીતા જેવી થઇ રૂડી સતીઓ ઘણી
દ્રૌપદીને દમયંતી જેવી જોડજો
તેવી સતી કમળા એની તું તો થજે
તેથી વધશે ઉભય કુળની લાજ જો   કમળા ! (૨)
સાવિત્રીએ દુખ શરીરે વેઠતાં
પતિથી છુટા પળ નવ કરીયા પ્રાણજો
તેવી સતિને આખર શ્રીહરિ તો મળ્યા
કુળ તણું તો ભાગ્યું સઘળું દુઃખજો   કમળા ! (૩)
સાસુ સસરો દુખી હતારે તે તણા
દુઃખ ગયું ને પામ્યા પાછું રાજ જો
અંધાપો તો મટાડીઓ છે ઓધવે
સત્યવાનને પ્રીતે સજીવન કીધ જો   કમળા ! (૪)
સુકન્યાએ વૃદ્ધ પતિ માગી લીધો
પતિનું તે તો પૂજન કરતી સારજો
આખર આવી યૌવન બનાવ્યો ભુદરે
સુકન્યાના મનની પુરી આશજો   કમળા ! (૫)
અંજના સમી હતી સતીયો તો ઘણી
અંજનાએ દુઃખ સહ્યું શરીર જો
પતિને તેણે પ્રતિવ્રત પાળી વશ કર્યા
તેની પુંઠે બળવા માંડયા કંથ જો   કમળા ! (૬)
તે પ્રમાણે કમળા એની તું થજે
પતિની સેવા આજ્ઞા પાળી સારજો
પતિના ઉઠતાની પહેલાં ઉઠવું
કામકાજ કરીને આપો સંતોષ જો   કમળા ! (૭)

બેન કમળા ! તને વધુ શું કહું જો પેલાં તારાં કાકી બોલાવે છે જા, કાકી કમળાને ભેટી પડે છે ને કહે છે કે બેન કમળા, મેં તને પેટની દીકરી બરોબર પાળી છે, એથી તારો વિયોગ મારાથી સહન થઈ શકે તેમ નથી પણ શું કરીએ. બેન તું સુખી થજે, સાવધ થઇ આબરૂ વધે તેમ વરતજે તને આપવા જેટલી શીખામણ તો તારી બાએ તને આપી છે. એટલે હું તને શું કહું તમો ઉભયને આશીર્વાદ આપું છું કે તમારૂં કલ્યાણ થાઓ તથા સંપથી પરસ્પર પ્રેમભાવથી વર્તી સુખી થાઓ. જો તારાં માશી તારી વાટ જોતાં ઉભાં છે તેમને ભેટી લે.

" માશીબા, નાની બેન ચંપા નથી આવી કે શું."

" આવી છે બેન, ઘરમાં હશે " બેન કમળા ડાહી થજે, નણંદ, દેરાણી, જેઠાણી સૌ સાથે સંપીને વર્તજે. તેઓ જેવાં જાડાં પાતળાં વસ્ત્ર પહેરે તેવાં વસ્ત્ર પહેરી તેમાં આનંદ માનજે. પતિની સંગાથે સદાય રહી સુખ માનજે વૈભવના તુચ્છ સુખની આશા નહિ રાખતાં પતિ પ્રેમમાં લીન થજે. બેન હવે હું તને કંઇ કહેવા નથી માગતી, તારા પિતા તને બોલાવતા હતા માટે જા તું સુખી થજે.

દીકરી કમળા તું સુખી થજે, ડાહી થજે. વધારે શું કહું કહેતાં જીભ ઉપડતી નથી.

નટવરલાલ ! મારી દીકરી કમળા જેમને પ્રાણથી પણ વધારે વ્હાલી છે. તોપણ તે હવે મારી નથી કારણકે દીકરી તે પારકુંજ ધન છે. તેને સાચવજો, સંભાળજો, પાળજો, લક્ષ્મીનંદન ગદ્દ ગદ્દ કંઠે બોલતા બંધ પડયા.

કમળાએ પોતાની માતા, કાકી, માશી, મામી વગેરેને સંબોધીને કહ્યું કે, હે મુરબ્બીઓ તમે કોઇ ગભરાશો નહિ, દીકરી એ હમેશાં પારકું ધન છે, હું મારા કુળને તથા મારા સસરાના કુળને કલંક લગાડનારૂં કૃત્ય કદી કરીશ નહિ, હું મારા કુટુંબીઓમાં સંપીને ચાલીશ, પતિનેજ પ્રભુ ગણી પુજીશ, ધનની લાલસા નહિ કરતાં સંતોષી રહીશ, દાગીનાની લોભી નહિ થતાં પતિના મંગળ દોરામાંજ આનંદ માનીશ, એજ મોટા ચંદનહાર માનીશ, મહેલ અને વાડીની ઇચ્છા નહિ કરતાં પતિ સાથે ઝુંપડામાં પણ પ્રેમથી રહી મેં લીધેલી કેળવણી કામે લગાડી આનંદ માનીશ, તુચ્છ વિષયની ઇચ્છા ન કરતાં પતિ પ્રેમનીજ ભિક્ષુક થઇશ ટુંકામાં સર્વ પ્રકારે પ્રાચીન મહાન સતિયોના શુભાચરણે બનતી રીતે ચાલી ઉભય કુળને દીપાવે તેમ ચાલીશ.

બેન ચંપા, માશીબાની આજ્ઞા પાળજે, શાળામાં જ જેને નીતિનાં પુસ્તકો વાંચી સારૂં સારૂં જ્ઞાન મેળવજે.

કમળાબેન, જુઓ હવે પેલો રથ ખોટી થાય છે. જાઓ. આ પ્રમાણેનાં વચનો બોલી સ્નેહ જળે ભરેલાં નેત્રથી હૃદયે દાબી શુશીલા રથ ઉપર બેસવા આજ્ઞા કરે છે. તે સમયે માતપિતા તથા અન્ય સંબંધીઓને પ્રણામ કરી રથમાં બેસે છે ને રથ સ્નેહીઓના અશ્રુપાત વચ્ચે વિદાય થાય છે.

વિશા દીશાવાળ પુસ્તક પ્રસારક કમીટીના વધુ થએલા મેમ્બરોની નામાવળી.

શા. મગનલાલ પરભુદાસ	સીદ્ધપુર
શા. હરગોવિંદદાસ છગનલાલ	,,
શા. ગીરધરલાલ ગોરધનદાસ	,,
શા. ચીમનલાલ શીવલાલ	,,
શા. હીરાચંદ મુલચંદ	,,
શા. પહેલાદભાઇ દોલતરામ	,,
શેઠ વીઠ્ઠલદાસ જાદવજી	મેસાણા
શા. મણીલાલ લલુભાઈ	લાંઘણુજ
શા. ચુનીલાલ મોતીચંદ	,,
શા. મગનલાલ છગનલાલ	સીદ્ધપુર
શા. ગીરધરલાલ હરગોવિંદદાસ	કલોલ
ગાંધી ચુનીલાલ ગુલાબચંદ	સરઢવ
શા. સાંકળચંદ હરીચંદ	,,
ગાંધી ગીરધરલાલ મોહનલાલ	જુલાસણ
મેસર્સ સી. એમ. બક્ષી	નાંદોદ
રા. રા. નવનીતલાલ રૂઘનાથદાસ	,,
શેઠ. મગનલાલ રણછોડદાસ	મુંબાઈ
શા. અમથાલાલ બેચરદાસ	ટીંટોડા
શા. મણીલાલ સાંકલચંદ	,,
પરીખ હરગોવિંદ ગોવિંદરામ	માણસા
રા. રા. પોપટલાલ મોહનલાલ	લાંઘણુજ
રા. રા. ચુનીલાલ ગીરધરલાલ	ગોઝારીઆ
રા. રા. પ્રહેલાદભાઇ મોહનલાલ	વિસનગર
રા. રા. હીરાલાલ ચુનીલાલ	નડીઆદ

વિશાદીશાવાળ જ્ઞાતિના ગૃહસ્થોને વિજ્ઞપ્તિ.

દાનવીર જ્ઞાતિ ગૃહસ્થો, આપનો દયાળુ હાથ આ સંસ્થા
તરફ લંબાવો કહ્યું છે કે.

"ભલે કરે કોઇ ગામ દાનમાં, દઇને મોટાં મોટાં માન"
"સ્થાવર જંગમ મિલ્કત સૌમાં, સૌથી ઉત્તમ વિદ્યાદાન"

વિશાદીશાવાળ જ્ઞાતિ સમાજ તરફથી ખોલવામાં આવેલા "વિદ્યોત્તેજક" ફંડમાં કેટલાક દાનવીર જ્ઞાતિબંધુઓએ રકમો ભરેલી છે ને તેમાંથી સમાજે નિબંધો યા ઇતર કેળવણી વર્ધક પ્રયત્નો દ્વારા નીચેના ઇસમોને ઇનામો આપેલાં છે.

૧	ગોરધનદાસ દામોદરદાસ	સરઢવ
૨	ગોરધનલાલ ભુલાભાઇ	ટીંટોડા
૩	ગીરધરલાલ મોહનલાલ	જુલાસણ
૪	ભીખાલાલ પુરશોતમદાસ	સરઢવ
૫	ચીમનલાલ ઇશ્વિરલાલ	મેસાણા
૬	મફતલાલ ચુનીલાલ	અમદાવાદ

ઉપરના ઇસમોને ઇનામો આપેલાં છે તોપણ મજકુર ફંડમાં નાણાંની અગત્ય છે તો દાનવીર સજ્જનો પોતાનો હાથ આ તરફ લંબાવશે એમ આશા રાખીએ છીએ.

શિરનામું.
૧૧૬ કોરનર બીલ્ડીંગ્સ
જામલી મહોલ્લો મુંબાઇ.
સમાજની ઓફીસ.

લી. નમ્ર જ્ઞાતિ સેવક,
મણીલાલ ગોવીંદરામ ગાંધી.
સેક્રેટરી વિશાદીશાવાળ,
જ્ઞાતસમાજ મુંબાઇ.